## ગોલવાડની પરિણીતા બ્લેકમેલિંગના ડરે 9 વર્ષથી બળાત્કારનો ભોગ બનતી રહી

**2016થી** 2020 સુધી જતીન ઉર્ફે લાલાએ લલચાવી ફોસલાવી કુકર્મ આચર્યું

**2020થી** 2025 સુધી બે સગાભાઈએ જતીન સાથેના સંબંધો અંગે બ્લેકમેલ કરી દુષ્કર્મ ગુજાર્યું

સુરતઃ શહેરના મહિધરપુરા વિસ્તારમાં ગોલવાડમાં રહેતી પરણિતાને પાડોશી સાથે મિત્રતા કેળવવાનું ભારે પડી ગયું હતું. યુવકે લગ્નની લાલચ આપીને પરણિતાને ભોગવ્યા બાદ તેનો વિડીયો ઉતારી તેના અન્ય મિત્રો સાથે સહશયન કરવા મજબૂર કરી હતી.

ત્યારબાદ તેના જ ઘર પાસે રહેતા બે સગાભાઈએ પરણીતાને 'મને ખબર છે તારે મારા મિત્ર સાથે સંબંધ છે. તારે અમારી સાથે પણ સંબંધ રાખવો પડશે નહીંતર તારા પતિને બધું કહી દઈશ' તેવી ધમકી આપી બંને સગાભાઈએ પણ અવારનવાર પરણીતાને બ્લેકમેલ કરી તેની સાથે શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. ભોગ બનનાર પરણિતાએ આ 3 યુવક સામે ફરિયાદ નોંધાવી છે.

ગોલવાડમાં નવાપુરા ખાતે કણબી શેરીમાં રહેતી પરિણીતાને તેની જ શેરીમાં રહેતા જતીન ઉર્ફે લાલો રમેશભાઈ રાણા સાથે મિત્રતા હતી.

જતીન ઉર્ફે લાલાએ તેને લલચાવી ફોસલાવી તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. વર્ષ 2016થી 2020 સુધી જતીન ઉર્ફે લાલા સાથે પરિણીતાના સંબંધો રહ્યા હતા. જો કે ત્યારબાદ તેના ઘર પાસે જ રહેતા જતીન ઉર્ફે લાલાના મિત્ર પિયુષ લક્ષ્મણભાઈ ઉત્તેકર અને તેના સગાભાઈ વિશાલ લક્ષ્મણભાઈ ઉત્તેકરે પરિણીતાને ધમકી આપી હતી કે મને ખબર છે તારે જતીન ઉર્ફે લાલાની સાથે સંબંધ છે. તારે અમારી સાથે પણ સંબંધ રાખવો પડશે, નહીંતર તારા પતિને બધું કહી દઈશ.

આવી ધમકી આપી વર્ષ 2020માં બંને ભાઈએ પરિણીતા સાથે તેની મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધી પોતાના મોબાઈલમાં વિડીયો બનાવી લીધો હતો અને ત્યારબાદ આ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ૧૪/૨/૨૦૨૫ સુધી અવારનવાર પિયુષ અને તેના ભાઈ વિશાલે શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો.

પોલીસે આ ત્રણેય આરોપીની ધરપકડ કરીને વધુ પૂછપરછ હાથ ધરી હોવાની વિગત જાણવા મળી છે.

## વેડ રોડના મોબાઈલના વેપારી સાથે ૧૧.૭૯ લાખની છેતરપિંડી

**ઠગબાજે** મોબાઇલ હેન્ડસેટ, સ્માર્ટ વોચ, બ્લુટુથ, મોબાઇલ એસેસરીઝની ખરીદી કરી હાથ ખંખેર્યા

સુરતઃ વેડ રોડના મોબાઈલ એસેસરીઝના વેપારી પાસેથી ઉધારમાં રૂ.11.79 લાખના મોબાઈલ હેન્ડસેટ, સ્માર્ટ વોચ, બ્લુટુથ, મોબાઈલ એસેસરીઝની ખરીદી ઠગબાજે પેમેન્ટ નહીં આપતા મામલો ચોક બજાર પોલીસમથકે પહોંચ્યો હતો.

મૂળ અમરેલી જિલ્લાના વતની અને સુરતના કતારગામ વિસ્તારમાં આંબા તલાવડી પાસે આવેલ ભૂમિ પૂજા વિભાગ-2 માં રહેતા 33 વર્ષીય ઉત્તમભાઈ ઠાકરશીભાઈ વસ્તરપરાએ ચોક બજાર પોલીસમથકમાં ધનંજયભાઇ નરશીભાઈ છેટા (રહે., ૨૯, આઇ શ્રી ખોડીયાર કૃપા સોસાયટી, સિંગણપોર રોડ) (મૂળ રામપરા, તા.બરવાળા, જિ.બોટાદ) સામે રૂપિયા 11.79 લાખની છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં તેઓએ જણાવ્યું હતું કે વર્ષ 2024માં ડિસેમ્બર મહિનામાં ધનંજય તેની પાસે આવ્યો હતો અને તેમની દુકાને આવી મોબાઈલ હેન્ડસેટ, સ્માર્ટ વોચ, બ્લુટુથ, મોબાઈલ એસેસરીઝને લગતો સામાન મળી કુલ રૂપિયા 11.79 લાખનો માલની ખરીદી કરી હતી અને માર્કેટના ધારાધોરણ મુજબ ૩૦ દિવસમાં પૈસા ચૂકવી આપવાની બાહેંધરી પણ આપી હતી પરંતુ ત્યારબાદ ધનંજય એક પણ રૂપિયો નહીં ચૂકવી પૈસા આપવામાં માત્ર ગલ્લા ગલ્લા કરી સમય પસાર કર્યો હતો. જોકે બાદમાં છેલ્લે એક પણ રૂપિયો નહીં ચૂકવી રૂપિયા ૧૧.૭૯ લાખની છેતરપિંડી કરી હતી. જેથી તમે ચોક બજારમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધનંજય શેટા સામે રૂપિયા 11.79 લાખની છેતરપિંડીનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## શહેરમાં મહત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 35.8, છતાં ઉકળાટે લોકોને રંજાડયા

**હવામાં** ગરમી અને ભેજનું સંયોજન બફારો વધારી રહ્યું છે, લઘુત્તમ તાપમાન 0.4 ડિગ્રી વધીને 28.2 થતાં રાત્રે પણ ગરમી લાગી

**15મી** મે પછી ફરી વાદળછાયું વાતાવરણ તથા ઝાપટાંની આગાહી

સુરતઃ શહેરમાં ઉનાળાની ગરમી અને ભેજનું સંયોજન ચાલુ રહ્યું છે. હવામાન વિભાગના તાજેતરના ડેટા અનુસાર આજે તાપમાન અડધો ડિગ્રી ઘટાડા સાથે ગરમ અને મધ્યમ ભેજવાળું વાતાવરણ નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં ગઈકાલે મહત્તમ તાપમાન 36.3 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુતમ તાપમાન 27.8 ડિગ્રી હતું. આજે મહત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 35.8 ડિગ્રી, જ્યારે લઘુતમ તાપમાન વધીને 28.2 ડિગ્રી નોંધાયું હતું. જેના કારણે રાત્રે ગરમીનો અનુભવ વધ્યો હતો. હવામાં ભેજ 54 ટકા રહ્યો હતો. વાતાવરણનું દબાણ 1003.7 hPa રહ્યું, જે સ્થિર હવામાનની સ્થિતિ દર્શાવે છે. પવનની દિશા દક્ષિણ-પશ્ચિમ દિનાશી 6 કિમી પ્રતિકલાક નોંધાઈ હતી. શહેરમાં ઉનાળાની ગરમી અને મધ્યમ ભેજનું વાતાવરણ ચાલુ છે.

ઉલ્લેખનીય છે કે બીજી બાજુ હવામાન વિભાગે 15 મે પછી ફરી વાદળછાયું વાતાવરણ રહેવાની અને છુટાછવાયા વરસાદની આગાહી કરી છે.

## મનપાની શાળાઓમાં ઈ-વિદ્યા કેન્દ્ર ડેશ બોર્ડ શરૂ: ICCCથી મોનિટરિંગ કરાશે

**શાળાઓના** શૈક્ષણિક પ્રદર્શનનું રીઅલ ટાઈમ મોનિટરિંગ અને વિશ્લેષણ કરાશે

**1.90** લાખ પ્રાથમિક અને 16,000 માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓને આવરી લેવાશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન હાઈસ્કૂલોમાં શિક્ષણની ગુણવત્તા વધારવા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા એક નવીન પહેલની શરૂઆત કરવામાં આવી છે. મહાનગરપાલિકાના ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) ખાતે ઈ-વિદ્યા કેન્દ્રનું ડેશબોર્ડ લોન્ચ કરવામાં આવ્યું હતું. (ICCC) ખાતે ઈ-વિદ્યા કેન્દ્રનું ડેશબોર્ડ થકી મોનિટરિંગ કરવામાં આવશે. આ ડેશબોર્ડથી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક પ્રદર્શનનું રીઅલ-ટાઈમ મોનિટરિંગ અને વિશ્લેષણ કરાશે.

આ ડેશબોર્ડ થકી ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મરાઠી, ઉર્દુ, ઉડિયા અને તમિલ માધ્યમોમના લગભગ 1.90 લાખ પ્રાથમિક અને 16,000 માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓને આવરી લેવાશે. આમાં Swift Class ટૂલનો સમાવેશ થાય છે, જે શિક્ષણને રસપ્રદ અને અસરકારક બનાવશે. આ ઉપરાંત, AI-આધારિત વિશ્લેષણ વિદ્યાર્થીઓની હાજરી, રજિસ્ટ્રેશન અને પરીક્ષા મૂલ્યાંકનનું ઓટોમેટેડ વિશ્લેષણ કરાશે. લાઈવ ડેટા મોનિટરિંગ, MIS અને ઈન્ડેક્સિંગ દ્વારા શાળાઓના દૈનિક કાર્યોની ચોક્કસ નિરીક્ષણ પણ થશે. આ ડેશબોર્ડ થકી ઓટોમેટેડ રિપોર્ટ કાર્ડ જનરેશન, શાળા ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ, ડિજિટલ પ્રમાણપત્રોની અરજી અને વિતરણ તેમજ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના વ્યવસ્થાપનની કામગીરી થશે.

### સિંધી સમાજ સૈનિકોની મદદે આવ્યો, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાં 21 લાખનો ચેક અર્પણ કર્યો

સુરતઃ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં નિર્દોષ નાગરિકોની બર્બર હત્યાને પગલે સુરતના સિંધી સમાજે માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. સમાજના આગેવાનોએ મંગળવારે એકત્ર થઈને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ (PMNRF) માટે રૂ.21,09,301નો ચેક સુરત જિલ્લા કલેક્ટરને જમા કરાવ્યો છે. આ યોગદાન દેશની સુરક્ષા અને શાંતિ માટે સમર્પિત ભાવનાનું પ્રતિબિંબ છે. ચેક જમા કરાવવાનાં કાર્યમાં સમાજનાં આગેવાનો સાથે રાજકીય આગેવાનોની પણ ઉપસ્થિતિ રહી હતી. આ પગલાંથી દેશપ્રેમ અને માનવ સહયોગની ભાવનાને બળ મળ્યું છે.

## રાંદેર ઝોનમાં પાલનપુર પાટિયા પાસેનાં દબાણો અને ટેમ્પરરી સ્ટ્રક્ચરનો સફાયો

**પરંતુ** રામનગરથી હાઉસિંગ રોડ પર ગેરકાયદે શાકભાજી માર્કેટનું ન્યૂસન્સ યથાવત્



સુરતઃ સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનમાં પાલનપુર પાટિયા વિસ્તારમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મશાલ સર્કલ પાસેની લારીઓ અને ટેમ્પરરી સ્ટ્રક્ચર્સ હટાવવામાં આવ્યા હતા, પરંતુ તેની બાજુમાં જ રસ્તા પર પડેલા રેતી અને ઈંટના ઢગલા સામે કોઈ કાર્યવાહી ન કરવામાં આવતાં મનપાની કામગીરી પર સવાલો ઊભા થયા છે.ગત શુક્રવારે ડભોલી વિસ્તારમાં ઓનલાઈન વસ્તુઓનું વેચાણ કરતાં ગેરકાયદે ડોમમાં આગ લાગવાની ઘટના મનપા તંત્ર દબાણ હટાવ કામગીરી માટે સફાળું જાગ્યું છે. રાંદેર ઝોનના પાલનપુર પાટિયા વિસ્તારમાં મશાલ સર્કલ આસપાસની ખાણી-પીણીની લારીઓ અને ગેરકાયદે સ્ટ્રક્ચર્સ હટાવવામાં આવ્યા હતા. આ દરમિયાન, સ્થાનિક લારીચાલકો અને વેપારીઓએ કામગીરીનો વિરોધ કરતાં પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. પરંતુ રામનગરથી હાઉસિંગ રોડ પર ગેરકાયદે શાકભાજી માર્કેટનું ન્યૂસન્સ પણ ચાલુ છે, પરંતુ તેની સામે કોઈ નક્કર પગલાં લેવાયા નથી.

### આપ બાદ ભાજપ હવે બુધવારે તિરંગાયાત્રા કાઢશે

સુરતઃ ભારત પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ બાદ ભારતમાં વિજયનો માહોલ ચાલી રહ્યો છે. ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા રવિવારે તિરંગાયાત્રાનું આયોજન કરાયું હતુ અને હવે ભાજપ દ્વારા પણ બુધવારે તિરંગાયાત્રા કાઢવામાં આવશે. સુરતમાં રાજમાર્ગ પર ભવ્ય તિરંગા યાત્રા નીકળશે. બુધવારે સાંજે 5:30 વાગ્યે ભાગળ ચાર રસ્તાથી ચોકબજાર સ્થિત ગાંધી પ્રતિમા સુધી તિરંગા યાત્રા નીકળશે. આ તિરંગા યાત્રામાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ, રાજ્યના મંત્રીઓ, સ્થાનિક સાંસદો, ધારાસભ્યો, કોર્પોરેટરો, વિવિધ સમાજના આગેવાનો સહિત હજારોની સંખ્યામાં શહેરીજનો જોડાશે. કોટસફિલ રોડથી ગોપી તળાવ સુધીના વિસ્તારમાં પાર્કિંગની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

## જશ માર્કેટના કાપડ વેપારીએ અડાજણના યાર્નના વેપારીને રૂ.42.13 લાખમાં છેતર્યો

**શરૂઆતમાં** પોલિસ્ટર યાર્ન ખરીદી સમયસર પેમેન્ટ ચૂકવી વિશ્વાસ સંપાદન કર્યો ને બાદમાં હાથ ઊંચા કરી દેતાં મામલો પોલીસમાં

સુરતઃ શહેરમાં પાલનપોર જકાતનાકા પાસે રહેતા વેપારીને રિંગ રોડ પર દુકાન ધરાવતા ઠગબાજ વેપારીએ રૂ.42.13 લાખનો ચૂનો ચોપડ્યો છે. ઠગબાજ વેપારીએ અડાજણના વેપારી પાસેથી પોલિસ્ટર યાર્નનો માલ ખરીદ્યો હતો અને ટૂંક સમયમાં પૈસા ચૂકવી આપવાનો વાયદો આપી એક પણ રૂપિયો નહીં ચૂકવી હાથ ઊંચા કરી લીધા હતા. વેપારીએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે.

પાલનપોર જકાતનાકા પાસે શ્રીકુંજ એપાર્ટમેન્ટમાં રહેતા સંતોષભાઈ ગૌરાંગચંદ્ર નાયક દેવીકા ઈન્ડસ્ટ્રિઝ પ્રાઈવેટ લિમિટેડ નામની પોતાની કંપની ધરાવે છે. કતારગામ ગોકુળ પાર્ક સોસાયટીમાં રહેતા અને રિંગ રોડ પર જશ માર્કેટમાં દુકાન ધરાવતા ક્રિષ્ના ટેક્સટાઈલના પ્રોપાઈટર મનસુખભાઈ જીવરાજભાઈ ગોંડલીયા તેમના સંપર્કમાં આવ્યા હતા. ૭/૨/૨૦૨૨થી મનસુખભાઈએ સંતોષભાઈ પાસેથી અવારનવાર પોલિસ્ટર યાર્નનો માલ ખરીદી સમયસર પૈસા ચૂકવી વિશ્વાસ સંપાદન કર્યો હતો. જો કે ત્યારબાદ રૂ.42.13 લાખનું યાર્ન ખરીદી યાર્નના પૈસા ટૂંક સમયમાં ચૂકવી આપવાનો વાયદો આપ્યો હતો, પરંતુ એક પણ રૂપિયો નહીં ચૂકવી મનસુખભાઈએ છેલ્લે હાથ ઊંચા કરી દીધા હતા. ભોગ બનનાર સંતોષભાઈને પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસાસ થતાં તેઓએ આ મામલે અઠવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે મનસુખ ગોંડલીયા સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## 'ટૂરિઝમ સ્ટ્રાઈક': પાકિસ્તાનને મદદ કરનાર તુર્કી અને અઝરબેઝાનનાં ગ્રુપ બુકિંગ રદ

**400** સુરતીએ ટૂર ઓપરેટરોને સિંગાપોર, મલેશિયા, બાલી, થાઇલેન્ડ, ઓસ્ટ્રીયા, તાસ્કંદના ટૂરમાં બુકિંગનાં નાણાં તબદીલ કરવા જણાવ્યું

સુરતઃ ભારતની સરકાર અને ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર દરમિયાન આતંકી દેશ પાકિસ્તાનની મદદ કરનાર તુર્કી અને અઝરબેજાન સામે પ્રવાસીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. 400 સુરતીએ ગ્રુપ બુકિંગ રદ કરાવ્યા છે. એડવાન્સ બુકિંગ કરાવનાર ટૂર ઓપરેટરોને સિંગાપોર, મલેશિયા, બાલી, થાઈલેન્ડ, ઓસ્ટ્રીયા, તાસ્કંદના ટુરમાં બુકિંગનાં નાણાં તબદીલ કરવા અથવા તફાવતના નાણાં લેવા જણાવ્યું છે. આ બે દેશે પાકિસ્તાનને સાથ આપતા ટુર ઓપરેટરો દ્વારા આ બંને દેશની મોટાભાગની ટૂર કેન્સલ કરી દેવામાં આવી છે, જે મે, જૂન અને જુલાઈ માસ માટેની હતી.

પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતે વળતી પ્રતિક્રિયામાં શરૂ કરેલા ઓપરેશન સિંદૂર દરમિયાન ચીન, તુર્કી અને અઝરબેજાન દ્વારા પાકિસ્તાનને છૂપી રીતે શસ્ત્રો અને ટેકનોલોજીની મદદ કરવામાં આવતા સુરતી અને ગુજરાતી પ્રવાસીઓ નારાજ થયા છે. એમાં ટૂર ઓપરેટરોએ પણ સૂર પૂરાવી તુર્કી અને અઝરબેજાનના પ્રવાસ રદ કરી દીધા છે. ચીન પ્રવાસ રદ કરવા માટે પણ નિર્ણય લેવાઈ શકે છે.

તુર્કી અને અઝરબૈજાન છેલ્લા બે વર્ષથી પ્રવાસીઓ માટે લોકપ્રિય દેશ બન્યા હતા. પણ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી 4000 જેટલા પ્રવાસીઓએ આ બે દેશનો પ્રવાસ ન કરી એમને સબક શીખવવાનો નિર્ણય લીધો છે. જ્યાં આગામી જૂન અને જુલાઈમાં પ્રવાસ યોજાવાનો હતો.

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષમાં પાકિસ્તાનને સબક શીખવવા મોટી ટૂર ટ્રાવેલર્સ ઓપરેટરો પણ આ કાર્યવાહીમાં જોડાયા છે, જેમણે રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી પ્રેરાઈને આ ટુરિઝમ સ્ટ્રાઇક કરી છે. સુરતના ટૂર ઓપરેટરોએ જણાવ્યું હતું કે, અમે પ્રવાસીઓને અન્ય દેશોની ટુર વિકલ્પમાં ઓફર કરી છે. જેમાં સિંગાપોર, મલેશિયા, બાલી, થાઈલેન્ડ, ઓસ્ટ્રીયા, તાસ્કંદ, જેવા દેશોનો સમાવેશ થાય છે. અત્યારે યુએઈ, ઓમાન અને થાઈલેન્ડ પિક પર છે.

### ડિંડોલીમાં માનસિક બીમારીના કારણે મેડિક્લ સ્ટોરના માલિકનો આપઘાત

સુરતઃ ડિંડોલી નવાગામમાં રહેતા યુવકે માનસિક બીમારીથી કંટાળી ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મહારાષ્ટ્રના વતની અને હાલ ડિંડોલી નવાગામ આવેલા સીતારામ નગર-1 માં રહેતા 40 વર્ષીય શરદભાઈ દાજીભાઈ પાટીલને સંતાનમાં એક પુત્ર છે. શરદભાઈ મેડિક્લ સ્ટોર ચલાવે છે. અને તેઓ છેલ્લા પાંચ વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા. શરદભાઈ માનસિક બીમારીને કારણે મારી જવાની વાતો કરતા હતા. દરમિયાન સોમવારે રાત્રે શરદભાઈએ ઘરની છતની થાંભલી સાથે પટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ તપાસમાં શરદભાઈએ માનસિક બીમારીથી કંટાળી આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ ડિંડોલી પોલીસ કરી રહી છે.

### પતિ સાથે જમવા બાબતે ઝઘડામાં માતાનો પુત્રોની સામે જ આપઘાત

સુરતઃ પાંડેસરા ખાતે રહેતી બે પુત્રની માતાએ પતિ સાથે જમવા બાબતે ઝઘડો થતાં ઘરના પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઉત્તર પ્રદેશ પ્રયાગરાજના વતની અને હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલી દેવી દર્શન સોસાયટીમાં રહેતા 25 વર્ષીય પ્રીતિબેન દિનદયાળ ગુપ્તા મજૂરી કામ કરતી હતી. તેમના પતિ પણ મજૂરી કામ કરે છે. તેમને સંતાનમાં 4 વર્ષીય પુત્ર કરણ અને 5 વર્ષીય પુત્ર કાના છે. પ્રીતિબેનનો સોમવારે સાંજે પતિ સાથે જમવા બાબતે ઝઘડો થયો હતો. ઝઘડાનું માઠું લગાડી પ્રીતિબેને બંને પુત્રની સામે ઘરના પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. અંગે વધુ તપાસ પાંડેસરા પોલીસ કરી રહી છે.

### કાપોદ્રામાં રત્નકલાકારે લગ્નના છ મહિનામાં આપઘાત કરી લીધો

સુરતઃ મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલમાં કાપોદ્રામાં મરઘા કેન્દ્ર પાસે રહેતા 27 વર્ષીય મોનું શ્રી ભગવાન રાજપૂત રત્નકલાકાર તરીકે નોકરી કરી પરિવાર સાથે રહેતો હતો. મોનુંએ છ મહિના પહેલા શિવાનીબેન સાથે લવમેરેજ કર્યા હતા. મોનુંની પત્ની શિવાનીબેન સાથે કોઈકને કોઈક બાબતે રકઝક થતી હતી. જેથી કંટાળીને મોનુંએ 6 મેના રોજ ઘરે એસીડ પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી મોનુંને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે સવારે મોનુંનું મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ કાપોદ્રા પોલીસ કરી રહી છે.

### ઉધનામાં માનસિક બીમારીથી ત્રસ્ત 49 વર્ષીય મહિલાએ ફાંસો ખાઈ લીધો

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ ઉધના વિસ્તારમાં વિકાસ નગરમાં રહેતા 49 વર્ષીય શાહિદાબેન તસલીમ મુસા ખાટીક પરિવાર સાથે રહેતા હતા. તેમના પતિ કલર કામ કરે છે. શાહિદાબેનને ઘણાં સમયથી માનસિક બીમારી હતી અને તેમનો સ્વભાવ પણ ચીડિયો હતો. શાહિદાબેને મંગળવારે સવારે ઘરની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે શાહિદાબેને માનસિક બીમારીના કારણે અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ ઉધના પોલીસ કરી રહી છે.

### ડિંડોલીમાં પગમાં ઈન્ફેક્શનથી ત્રસ્ત આધેડનો આપઘાત, તબીબે પગ કાપવાનું કહેતાં તણાવમાં હતા

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલમાં ડિંડોલી વિસ્તારમાં ઉત્સવ રેસીડેન્સીમાં રહેતા 55 વર્ષીય વસંત શ્રવણભાઈ બોકડે પરિવાર સાથે રહીને નિવૃત જીવન જીવી રહ્યા હતા. વસંતભાઈને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. વસંતભાઈને છેલ્લા પાંચ-છ વર્ષથી પગમાં ઇન્ફેક્શન થયું હતું અને તેને કારણે પગમાં અસહ્ય દુઃવો થતો હતો. વસંતભાઈએ તબીબને બતાવતા પગમાં સડો થયો હોવાનું નિદાન થયું હતું. તબીબે કહ્યું હતું કે પગ કાપવો પડશે, જેથી તેઓ ગભરાઈ ગયા હતા અને તેના ટેન્શનમાં સોમવારે રાત્રે વસંતભાઈએ ઘરે બેડરૂમમાં પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સવારના સમયે પત્નીએ ઉઠાડવા જતા ઘટનાની જાણ થઈ હતી. આ અંગે વધુ તપાસ ડિંડોલી પોલીસ કરી રહી છે.

### ભેસ્તાનમાં અજાણ્યા ડમ્પરે અડફેટે લેતાં યુપીવાસી 35 વર્ષીય શ્રમજીવીનું મોત

સુરતઃ મૂળ ઉત્તર પ્રદેશ આઝમગઢના વતની અને હાલ સચિન જીઆઈડીસી વિસ્તારમાં સાઈ પાર્ક સોસાયટીમાં રહેતા 35 વર્ષીય રામ અવધ છેડીલાલ યાદવ ભંગારના ગોડાઉનમાં મજૂરી કામ કરી પરિવારમાં પત્ની અને બે પુત્રનું ગુજરાન ચલાવતો હતો. રામ અવધ સોમવારે બપોરે કામ પરથી પગપાળા ઘરે જઈ રહ્યો હતો. તે દરમિયાન ભેસ્તાન શ્રી રામ ટી સેન્ટર પાસે એક ડમ્પરના ચાલકે રામ અવધને અડફેટે લીધો હતો. ગંભીર ઈજાઓને પગલે રામઅવધનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ ભેસ્તાન પોલીસ કરી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલનું A1 માં 24 અને A2 માં 41 વિદ્યાર્થીઓ સાથે 100% પરિણામ

સુરતઃ સીબીએસઇ બોર્ડ દ્વારા જાહેર થયેલા ફેબુઆરી/માર્ચ-૨૦૨૫ બોર્ડ પરિક્ષા પરિણામમાં ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલે A1 માં 24 અને A2 માં 41 વિદ્યાર્થીઓ સાથે 100% પરિણામ મેળવ્યું છે.ધોરણ 12 સીબીએસઇ બોર્ડ ફેબ્રુઆરી/માર્ચ-2025 નું બોર્ડની પરીક્ષાના પરિણામમાં અડાજણ જહાંગીરાબાદ સ્થિત ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ 100% પરિણામ સાથે સફળતાનો ડંકો વગાડ્યો છે. જેમાં છેલ્લા ૭ વર્ષની જેમ આ વર્ષે પણ ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલે અડાજણ અને રાંદેર ઝોનમાં સૌથી વધુ A1 અને A2 ગ્રેડ પ્રાપ્ત કરી અવ્વલ રહ્યું છે. જેમાં 24 વિદ્યાર્થીએ A1 કેટેગરી અને 41 વિદ્યાર્થીએ A2 કેટેગરી માં ગ્રેડ મેળવ્યો છે. સાથે સાથે સતત બીજા વર્ષે પણ 100% પરિણામ રેકોર્ડ બ્રેક સિદ્ધિ મેળવી છે. કુલ 136 વિદ્યાર્થીઓ માંથી 80% વિદ્યાર્થીઓએ 75% થી વધારે પરિણામ પ્રાપ્ત કર્યું છે.

**શાળામાં A1 ગ્રેડ મેળવેલ વિદ્યાર્થીઓ**

| વિદ્યાર્થીનું નામ | ટકાવારી(%) |
|---|---|
| મયંક હિતેશકુમાર તેજનાની | 97 |
| ભવ્યકુમાર મયુરભાઈ પટેલ | 96.6 |
| હેનિલ અશોકકુમાર જૈન | 96 |
| લાવણ્યા અશોક સિંઘ | 95.2 |
| ગીતાંજલિ સ્વપન માઇટી | 94 |
| રાજદીપ રણજીત પરમાર | 93.4 |
| દિવયાની રાકેશકુમાર સોલંકી | 93.4 |
| પ્રિયમ રમેશ પટેલ | 92.6 |
| ખાઈરુન્નિશા આમીન શેખ | 92.6 |
| ઋષિરાજ અશોકભાઇ પટેલ | 92.4 |
| રેહાન ઇમ્તિયાજ મોતીવલા | 92.2 |
| લક્ષીતા રાજેન્દ્ર ગર્ગ | 92.04 |
| અશ્મિ શિવેશ પટેલ | 92 |
| શિવેનકુમાર ચૌધરી | 91.8 |
| શ્રીરંગ માધવ પાઠક | 91.8 |
| કૌશલરાજ બર્નવાલ | 91.6 |
| જયેશ મનોજકુમાર ચૌધરી | 91.2 |
| પલક પરવેજ મલેક | 91 |
| અર્પિતા રાજીવ | 91 |
| ધ્રુવ વિનોદ બાગાની | 90.6 |
| દર્શ મિતુલભાઈ પટેલ | 90.6 |
| કીર્તિ જયકુમાર લલ્વાની | 90.4 |
| રિયા લલિતચંદ્ર પરમાર | 90.4 |

### એલપી સવાણીમાં 105 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો




સુરતઃ એલ.પી. સવાણી ગૃપ ઓફ સ્કૂલ્સનું વર્ષ 2024 -25નું ધોરણ 10 અને 12નું શ્રેષ્ઠ પરિણામ આવ્યું છે. શાળાના 105 વિદ્યાર્થીએ A1 ગ્રેડ તેમજ 217 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આવા ઉજ્જવળ પરિણામ મેળવી સમગ્ર સુરત શહેરમાં એલ.પી .સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સના બાળકોએ ડંકો વગાડ્યો છે.

### ટી.એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલનું સીબીએસઈ ધો.12માં 100 ટકા પરિણામ

સુરતઃ સીબીએસઈના ધો.12ના રિઝલ્ટમાં સુરતની ટી.એમ. પટેલ ઇન્ટરનેશનલએ ઝળહળતી સફળતા મેળવી 100 ટકા પરિણામ મેળવ્યું છે. 12 કોમર્સના જયવર્ધન ગોલ્છાએ ખરેખર ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, તેમણે 97.6% ટકા મેળવ્યા છે. ધોરણ 12 કોમર્સના ચેતસે 95.4% મેળવ્યા છે. વિજ્ઞાન પ્રવાહમાં, ઝિયા ઝવેરીએ 83.4% મેળવ્યા છે, અને ઇશાની ખેમકાએ પણ 75.6% સાથે શાળાને ગૌરવ અપાવ્યું છે.

### પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ અબ્રામાનું ઉત્તમ પરિણામ



સુરતઃ પી.પી. સવાણી CBSE વિદ્યાસંકુલે ધોરણ 10 અને 12ના CBSE બોર્ડ પરીક્ષાઓમાં ઉત્તમ પરિણામો હાંસલ કર્યા છે. ધોરણ 12 (સાયન્સ)માં જેનિલ ભાયાણી અને કોમર્સમાં સાક્ષી જૈને 97.8% સાથે પ્રથમ ક્રમ મેળવ્યો છે. ધોરણ 10માં માસ્ટર નિખિલ વી.એચ.એ 96.2% સાથે શાળામાં ટોચનો ક્રમ હાંસલ કર્યો છે. ધો. 12 (સાયન્સ) માં 22 વિદ્યાર્થીઓએ A1, ધો. 12 (કોમર્સ) માં 10 વિદ્યાર્થીઓએ A1 અને ધો. 10 માં 25 વિદ્યાર્થીઓએ A1 મેળવ્યા છે.

### ધો.12 અને 10 સીબીએસઈમાં એસ.ડી. જૈન મોર્ડન સ્કૂલના વિદ્યાર્થીઓનો ફરી ઉત્કૃષ્ઠ દેખાવ

સુરતઃ સુરતની એસ.ડી. જૈન મોર્ડન સ્કૂલના વિદ્યાર્થીઓએ 2024-25માં યોજાયેલી ધો.12 અને 10 CBSE બોર્ડની પરીક્ષામાં ફરી એકવાર શ્રેષતમ પરિણામ પ્રાપ્ત કર્યું છે. શાળાના અનેક વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહ, આર્ટસ પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહમાં ઉત્કર્ષ દેખાવ કર્યો છે. કોમર્સ પ્રવાહમાં હર્ષકુમાર ટિબરા અને ગગન અગ્રવાલે ૯૭.૮૦ % શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. આ ઉપરાંત તનુજ શ્રોફ, ક્રિષ્ના પ્રન્સુખા અને માહી ૯૭.૬૦ % મેળવી શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. આર્ટસ પ્રવાહમાં દિવ્યાંશી જૈને ૯૬.૦૦ % મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં દીવીના શુક્લાએ ૯૫.૬૦ % મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. ધો.૧૨માં કુલ ૩૩૮ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી 125 વિદ્યાર્થીએ ૯૦ %થી વધુ, ૧૧૦ વિદ્યાર્થીએ ૮૦ %થી ૯૦ %ની વચ્ચે તથા ૮૦ વિદ્યાર્થીએ ૭૦ %થી ૮૦ %ની વચ્ચે ગુણ મેળવી વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી છે. દરેક વિદ્યાર્થીઓના સરેરાશ ટકાવારી ૮૪.૨૦ આવેલી છે. ધો.૧૦માં શૈલી ગુપ્તાએ ૯૭.૬૦% મેળવી શાળામાં પ્રથમ સ્થાન તથા સુરત શહેરમાં ઉચ્ચ દેખાવ કર્યો છે. આ ઉપરાંત રાઘવ ખેડિયા ૯૭.૪૦%, ક્રિષ્ના શર્મા ૯૭.૨૦%, યશીતા તવારી ૯૭.૦૦%, યશી અજમેરા ૯૭.૦૦%, મેળવી શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. ધો.૧૦માં કુલ ૪૨૭ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી અને તમામ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા છે. ૧૩૨ વિદ્યાર્થીએ ૯૦%થી વધુ, ૧૩૯ વિદ્યાર્થીએ ૮૦%થી ૯૦%ની વચ્ચે, ૯૪ વિદ્યાર્થીએ ૭૦ %થી ૮૦%ની વચ્ચે ગુણ મેળવી વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી છે. દરેક વિદ્યાર્થીઓની સરેરાશ ટકાવારી ૮૩.૪૦ આવી છે.

### દીપદર્શન વિદ્યા સંકુલે વર્ષ 2024-25માં નોંધપાત્ર સફળતા સાથે 100% પરિણામ મેળવ્યું

સુરત : ડિંડોલી વિસ્તાર સ્થિત CBSEની શાળા દીપદર્શન વિદ્યા સંકુલે વર્ષ 2024-25માં ધોરણ 10 અને 12 બંનેમાં 100% પરિણામ મેળવી એક વાર પોતાનું શૈક્ષણિક મહાત્મ્ય સાબિત કર્યું છે. ધોરણ 12માં કુલ 11 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 4 A1 અને 2 A2 ગ્રેડ સાથે 60% વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ ગ્રેડ મેળવ્યા હતા. સ્કૂલ ટોપર ભૂમિકા રાવતે 96.6% સાથે ઈકોનોમિક્સ અને સોશ્યોલોજીમાં સંપૂર્ણ 100 માર્ક્સ અને પોલિટિકલ સાયન્સમાં 99 માર્ક્સ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ધોરણ 10માં 46 વિદ્યાર્થીઓમાંથી 21એ A1 અને A2 ગ્રેડ મેળવ્યા છે. જેમાં યાચના ઉમાલે 97.2% સાથે ટોપ પોઝિશન મેળવ્યા, કુલદીપ પ્રજાપત અને અંશી દુબેએ અંગ્રેજીમાં 99 માર્ક્સ મેળવ્યા છે. શાળાના આ સફળ પરિણામ માટે શૈક્ષણિક સલાહકાર સવજીભાઈ પટેલ, સંચાલકો દશરથભાઈ પટેલ અને તુષારભાઈ પટેલ તથા આચાર્ય સપનાબેન રાજપૂતે તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને અભિનંદન પાઠવ્યા છે.